ગ્રોથ મોનિટરીંગ ડિવાઈસની ખરીદી કરવા માટે વર્ષ ૨૦૨૫-૨૬ની ગ્રાન્ટ ગુજરાત સ્ટેટ ફાઇનાનન્સીયલ સર્વિસીસ લી.(GSFS) ખાતે પાર્ક કરવા મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2026/0438/B

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધાં:

(૧) કમિશ્નરશ્રી(આઈ.સી.ડી.એસ.), મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરના તા: ૨૫/૦૩/૨૦૨૬ના પત્ર ક્રમાંક: આઇસીડીએસ/પોષણ અભિયાન/GMD 2025-26/ફંડ પાર્કિંગ/૧૨૯૦૬

ઠરાવ:

રાજ્યના કુલ આંગણવાડી કેન્દ્રો પૈકી ત્રીજા તબક્કામાં એક તૃતિયાંશ ભાગના આંગણવાડી કેન્દ્રો માટે ચાર પ્રકારના ગ્રોથ મોનિટરીંગ ડિવાઈઝ A . ઈન્ફન્ટોમીટર B . સ્ટેડીયોમીટર C . વજનકાંટા (નવજાત શિશુ) અને D. વજન કાંટા (માતા અને બાળક) માટે વર્ષ ૨૦૨૫-૨૬માં બજેટ સદર ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૨૧ (૧૦૦% સ્ટેટ બર્ડન) હેઠળ કુલ રૂ. ૧૫.૭૮ કરોડની રકમ મંજૂર કરવામાં આવેલ હતી. જે પૈકી વર્ષ ૨૦૨૪-૨૫માં ખરીદવાના થતા જુદા-જુદા ચાર પ્રકારના ગ્રોથ મોનિટરીંગ ડિવાઈસની ખરીદી કરવા કુલ રૂ.૫,૪૩,૪૨,૦૦૦/-ની ગ્રાન્ટ નીચેની શરતોને આધિન તા.૩૦/૦૬/૨૦૨૬ સુધી ગુજરાત સ્ટેટ ફાઇનાનન્સીયલ સર્વિસીસ લી.(GSFS) ખાતે પાર્ક કરવાની તથા ઉકત ખર્ચ ઓબ્જેકટ કલાસ C4માંથી કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

1. જમા રકમ અંગે તા.૩૦/૦૬/૨૦૨૬ સુધીમાં અચૂકપણે ખર્ચ/ચુકવણું કરવાનું રહેશે.
2. વિભાગે એ ખાત્રી કરવાની રહેશે કે, GSFSમાં પાર્ક કરેલી રકમ ઉપર મળેલ વ્યાજની રકમ રાજ્ય સરકાર ખાતે એટલે કે, બજેટ સદર ૦૦૪૯-૦૪-૮૦૦-૨૧ હેઠળ અચૂકપણે જમા કરાવવાની રહેશે.
3. આ જમા કરાવેલ રકમ જે તે હેતુસર જ ઉપયોગમાં લેવાની રહેશે.
4. ખર્ચ/ચુકવણું કર્યા બાદ વધતી રકમ રાજ્ય સરકારમાં પરત જમા કરાવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૯.૦૩.૦૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશ્રી પી વસાવા)

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

૧. સચિવશ્રી(આ.બા)ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨. સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૩. કમિશ્નરશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર.

૪. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ

૬. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ

૭. વહીવટી સંચાલકશ્રી, ગુજરાત સ્ટેટ ફાઇનાનન્સીયલ સર્વિસીસ લી. વીંગ-બી ત્રીજો માળ, ખનીજ ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.

૮. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

૯. શાખા સિલેકટ ફાઇલ